# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SWACHH AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં સ્વચ્છતા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા રાજ્યો અને શહેરોને "સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કાર" એનાયત કર્યાં. સ્વચ્છ સર્વેક્ષણ 2024ની યાદી જાહેર થતાં 10 લાખથી વધુ વસ્તી ધરાવતા સ્વચ્છ શહેરોની શ્રેણીમાં અમદાવાદ સર્વોચ્ચ સ્થાને રહ્યું છે. જ્યારે 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત શહેર દેશભરમાં બીજા ક્રમે અને મધ્યપ્રદેશનું ઈન્દોર શહેર પહેલા ક્રમાંકે રહ્યું છે. આ જ કેટેગરીમાં 3 લાખથી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોમાં ગાંધીનગર પાંચમા ક્રમે રહ્યું છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ રાજ્યના શહેરોના તમામ પુરસ્કાર રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ જે-તે શહેરના મેયર અને અધિકારીને સુપરત કર્યા.

આ પ્રસંગે સંબોધન કરતાં સુશ્રી મુર્મૂએ કહ્યું, સ્વચ્છતા એ દેશની સાંસ્કૃતિક ચેતનાનો પાયો છે. દરમિયાન તેમણે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રયાસોની પ્રશંસા કરતા સ્વચ્છ સર્વેક્ષણ એક સફળ પહેલ સાબિત થઈ હોવાનું જણાવ્યું.

(BYTE:-PRESIDENT-MURMU-ON-SWACHHA-SARVEKSHAN)

. . . . . . . . . . .

# ROAD REPAIR

કચ્છમાં ભારે વરસાદને કારણે ભુજ શહેરના ક્ષતિગ્રસ્ત થયેલા વિવિધ રોડ રસ્તાના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી છે.

ભુજ શહેરમાં આત્મારામ સર્કલ સહિતના રોડને મેટલિંગ કરીને તેનું સમારકામ કરવામાં આવ્યું હતું.. ગાંધીધામ શહેરમાં પણ મહાનગપાલિકાના કમિશનર મેહુલ દેસાઈએ વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓના રીપેરીંગની કામગીરીની સમીક્ષા કરી હતી.

અમદાવાદ જિલ્લામાં માર્ગ અને વિભાગ પંચાયત હસ્તકના કુલ 36 રસ્તાઓ પર પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધીમાં દસક્રોઈ, ધોળકા, ધંધુકા, ધોલેરા, વિરમગામ અને માંડલ તાલુકાના સર્વે કરાયેલ રસ્તાઓ પૈકી કુલ 36 રસ્તાઓ પર પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

સાથે જ મહીસાગરના બાલાસીનોરમાં પુલોની વર્તમાન સ્થિતિ, પાણીના પ્રવાહને કારણે થતી અસરોની તપાસ કરવામાં આવી હતી.

તો ડાંગના કાલીબેલ-બરડીપાડા રોડ પર કોંક્રિટ પેચવર્કની કામગીરી ચાલી રહી છે. ઉપરાંત ડાંગનો ધવલીદોડ-ધુડા-પીપલાઈદેવી રોડ પરનો માઈનોર બ્રિજ ભારે કોમર્શિયલ વાહનો માટે વધુ છ માસ માટે બંધ કરવામાં આવ્યો છે. આ માર્ગના વૈકલ્પિક માર્ગ તરીકે ધુડાથી હિંદળા થઈ પીપલાઈદેવી રોડનો ઉપયોગ કરવા સુચન કરાયું છે.

………………………………….

# TAPI-BRIDGE

તાપી જિલ્લા કલેક્ટર ડૉ. વિપિન ગર્ગે જિલ્લાના માર્ગો અને બ્રિજોની સ્થિતિની સમીક્ષા કરી. તેમણે આજે વાલોડની વાલ્મિકી નદી પર આવેલા

બ્રિજની સ્થળ તપાસ કરી માહિતી મેળવી. જિલ્લાના મોટાભાગના માર્ગ અને પુલો સારી સ્થિતિમાં હોવાનું શ્રી ગર્ગે જણાવ્યુ.

(બાઇટ: ડૉ. વિપિન ગર્ગ- જિલ્લા કલેક્ટર)

તો બીજી તરફ માર્ગ મકાન વિભાગ દ્વારા સોનગઢમાં આવેલ હિન્દુસ્તાન બ્રિજ આવતીકાલથી ૩ મહિના માટે ભારે વાહન માટે બંધ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . .

# ATAL LECTURE SERIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આર્થિક સલાહકાર સમિતિના સભ્ય ડૉ. સૌમ્ય કાંતિ ઘોષ અને રાજ્યના મુખ્ય સચિવ પંકજ જોશીએ ’અટલ લેક્ચર સિરીઝ’નું ગાંધીનગરથી શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી જોશીએ જણાવ્યુ કે ’અટલ લેક્ચર સિરીઝ’થી અટલજીના દ્રષ્ટિકોણને વધુ ઊંડાણપૂર્વક સમજવા અને રાષ્ટ્રપ્રથમની ભાવનાને વધુ બળ મળશે. જ્યારે ડૉ. સૌમ્ય કાંતિ ઘોષે કહ્યું કે અટલજીનું જીવન દેશને સુશાસન તરફ જોડતી અમૂલ્ય કડી છે.

સ્પીપા દ્વારા આયોજિત અને ‘ધ સેક્રેટ્રીએટ’ના સહયોગથી પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે- ગુડ ગવર્નન્સને ધ્યાનમાં રાખીને ‘અટલ લેકચર સિરીઝ’નું શરૂ કરવામાં આવી

છે. જેમાં દેશ અને રાજ્યભરના વિવિધ વિષયના નિષ્ણાંતો ભાગ લઈને સુશાસન અને દેશની નીતિઓને લગતા મુદ્દાઓ પર વ્યાખ્યાયન કરશે.

. . . . . . . . . . .

# DAMAN BIS RAID

ભારતીય માનક સંસ્થાના અધિકારીઓએ કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દાભેલની મેસર્સ સેલો હાઉસહોલ્ડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ નામની કંપનીમાં દરોડો પાડ્યો. આ દરમિયાન પેઢીમાંથી ISI માર્ક વિનાના 3 હજાર 632 ઇન્સ્યુલેટેડ કન્ટેનર જપ્ત કરવામાં આવ્યા હતા. ઇન્સ્યુલેટેડ કન્ટેનર માટે BIS લાયસન્સ હોવા છતાં, આ પેઢી ISI માર્ક વિના ઇન્સ્યુલેટેડ કન્ટેનરનું ઉત્પાદન કરતી હતી.

. . . . . . . . . . .

# MEHSANA-KHARIF PAK

મહેસાણા જિલ્લામાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોએ ખરીફ પાકનું વાવેતર શરૂ કરી દીધું છે. જેમાં 2 હજારથી વધુ હેકટરમાં કપાસનું વાવેતર, જ્યારે 7200 હેકટર જમીનમાં મગફળીનું, બાજરીનું 100 હેકટરથી વધુ અને શાકભાજીનું 3500 હેકટર જમીનમાં તેમજ ઘાસચારાનું 13 હજાર હેકટરમાં વાવેતર થયું છે. તો જિલ્લામાં કુલ 50 હજાર હેકટરમાં ખરીફ પાકનું વાવેતર થઈ ગયું છે.

. . . . . . . . . . .